# ભિલોડામાં મમતા હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાનું મોત નિપજતા હોબાળો



ભિલોડા,તા.૩૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કોટેઝ હોસ્પિટલના સામે આવેલ શિવમ કોમ્પ્લેક્ષમાં મમતા હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાનું મોત નિપજ્યું હતું. પરીવારજનો અને સગાં-સબંધીઓએ હોબાળો મચાવ્યો હતો.પરીવારજનોનો આક્ષેપ છે કે ડૉક્ટર તેમજ હોસ્પિટલના સ્ટાફની બેદરકારીના કારણે કમઠાડીયા ગામની ગર્ભવતી મહિલાનું મોત નિપજ્યું હતું.

મમતા હોસ્પિટલમાં કમઠાડીયા ગામની ગર્ભવતી મહિલા મુન્નાબેન કિશનભાઈ બુવડને પ્રસુતિની પીડા ઉપડતાં પ્રસુતિ માટે તા.૩૦/૫/૨૦૧૮ ને બુધવારના રોજ સમી સાંજે ૮:૩૦ વાગ્યાના અરસામાં દાખલ કર્યા હતા પરંતુ ડૉક્ટર અને સ્ટાફની બેદરકારી તેમજ યોગ્ય સમયે સારવાર ગર્ભવતી મહિલાને ન મળતાં ગર્ભવતી મહિલાનું મોત નિપજતાં મામલો ગરમાયો હતો.કમઠાડીયા ગામના લોકોના ટોળાએ આવેશમાં આવી હોબાળો મચાવ્યો હતો. ડૉક્ટર અને સ્ટાફની બેદરકારીના કારણે મહિલાનું મોત નિપજ્યું હોવાનો આક્ષેપ લોકોના ટોળાએ મુક્યો હતો. કમઠાડીયા ગામની ગર્ભવતી મહિલાના પતી કિશનભાઈ નવજીભાઈ બુવડએ પોલીસ સ્ટેશનમાં ડૉક્ટર અપેક્ષા પટેલ અને સ્ટાફ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. પોલીસએ ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી હતી. ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાના મૃતદેહનું પી.એમ. કરવા માટે ખસેડાયા હતા ત્યારે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ ધ્વારા ચુસ્ત લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

ભિલોડા મમતા હોસ્પિટલ ગાયનેક ડૉ. અપેક્ષા પટેલ અને સ્ટાફના જણાવ્યા મુજબ તા.૩૦/૫/૨૦૧૮ ને બુધવારના રોજ ૮:૩૦ વાગ્યાના અરસામાં ગર્ભવતી મહિલા મુન્નાબેન બુવડને સારવાર અર્થે પરીવારજનો લાવ્યા હતા. ગર્ભવતી મહિલાની તપાસ કરતાં મહિલાના શરીરમાં લોહી ઓછું હોવાના કારણે આગળ રીફર કરવા પરીવારજનોને જણાવ્યું હતું. ગર્ભવતી મહિલાના ગર્ભમાં બાળક મોત નિપજ્યું હતું. મોડાસાથી લોહી લાવવાની વ્યવસ્થા કરવા પણ જણાવ્યું હતું પરંતુ યોગ્ય સમયે લોહી મળ્યું નહી જેના કારણે ગર્ભવતી મહિલાનું મોત નિપજ્યું હતું.




અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન અને વાઈસ ચેરમેનપદની ચૂંટણીમાં ચેરમેન તરીકે અરૂણભાઈ વિરચંદભાઈ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે વિનુભાઈ પટેલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. સંઘના સર્વે ડિરેક્ટરો, બેંક ડિરેકટર પંકજભાઈ પટેલ, રમણભાઈ પટેલ, જિલ્લા સંઘના અધ્યક્ષ અને સંઘના ડિરેક્ટર પ્રભુદાસભાઈ પટેલ, અંબાલાલ ઉપાધ્યાય સહિત ડિરેક્ટરોએ અને સહકારી આગેવાનોએ ઉપસ્થિત રહી અભિનંદન આપ્યા હતા.

## બાયડના ગાબટ ગામે સરપંચના ફાર્મહાઉસ પર

# ધોળે દહાડે ૧૦ લાખની લૂંટ

### ધાડપાડૂઓ ઘરમાં રહેલા ૧૧ વર્ષીય બાળક સહીત અન્ય એક છોકરાને બંધક બનાવી લૂંટને અંજામ આપ્યો







મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવું જિલ્લાવાસીઓ અહેસાસ અનુભવી રહ્યા છે. ચોર લૂંટારુ અને ધાડપાડુ ગેંગના ખાખી વર્દીનો ખોફ જ ન હોય તેમ બેખોફ બની ધોળે દહાડે પણ લૂંટ ચલાવતા લોકોમાં ભયભીત બન્યા છે. બાયડ તાલુકાના ગાબટ ગામે બુધવારે બપોરે સરપંચના ફાર્મહાઉસ પર બાઈક પર આવેલા બે લૂંટારુઓએ પીવાના પાણીના બહાને ઘરમાં પ્રવેશી ૧૧ વર્ષના બાળક સહીત અન્ય એક છોકરાને બંધક બનાવી તિજોરીમાંથી ૨ લાખ રૂપિયા રોકડા અને ૮ લાખના સોના-ચાંદીના દાગીના સહીત મોબાઈલની લૂંટ ચલાવી લૂંટારુઓ ફરાર થઈ જતા ભારે હડકંપ મચ્યો હતો. ધોળે દહાડે લૂંટની ગંભીરતા સમજી જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક પોલીસ કાફલા સાથે દોડી આવ્યા હતા અને ચોરોને પકડવા ડોગ સ્ક્વોડ અને એફએસએલની મદદથી ગુન્હો ઉકેલવા તજવીજ હાથ ધરી હતી.

બાયડ તાલુકાના ગાબટ ગામના સરપંચ અને રાજવી પરિવારના કૃષ્ણરાજસિંહજી દેવેન્દ્રસિંહજી ઝાલા તેમના પરિવાર સાથે બહારગામ ગયા હતા. ઘરે ૧૧ વર્ષનો પુત્ર અને અન્ય છોકરો ઘરે હાજર હતા ત્યારે બાઈક પર આવેલા બે લૂંટારુઓએ પીવાનું પાણી માંગી ઘરે કોઈ મોટી વ્યક્તિ કે પરિવારનો મોભી હાજર ન હોવાનું જણાતા ઘરમાં પ્રવેશી ૧૧ વર્ષીય બાળક સહીત અન્ય એક છોકરાને ધમકાવી ઘરના એક રૂમમાં બંધક બનાવી ઘરમાં રહેલી તિજોરીનો નકુચો તોડી ૨ લાખ રૂપિયા રોકડા અને સોના-ચાંદીના દાગીના સહીત મોબાઈલ મળી કુલ ૧૦ લાખ રૂપિયાના મુદ્દામાલની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી. લૂંટની જાણકરી મળતા શ્યામબાપુ ઘરે દોડી આવ્યા હતા. લૂંટની ઘટનાની જાણ પોલીસને થતા ડોગસ્કવોડ અને એફએસએલ સાથે જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક દોડી આવ્યા હતા. સાઠંબા પોલીસે ચોર લૂંટારુને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સલાલ ખાતે એચ.એસ.આઈના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલ ખાતે એચ. એસ. આઈ.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો.

પ્રાંતિજના સલાલ ખાતે આવેલ શ્રી અખીલ ગુજરાત ફાઉન્ડેશન સંચાલિત વિજયટેકનીકલ ઈન્સ્ટુટયુટના નવમો વિદાય સમારંભ યોજાતા જેમા સંસ્થાના મંત્રી કાળુસિંહ રાઠોડના પ્રમુખસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના ૫૨ જેટલાં તાલીમાર્થીઓને વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ કાળુસિંહ રાજપૂત, આચાર્ય જીન્જી રાવલ અને શિક્ષિકા કિજલબેનની ઉપસ્થિતિમાં સર્વે વિધાર્થીઓને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી વિદાય આપવામાં આવી હતી. તાલીમાર્થી વિદ્યાર્થીઓએ યાદગારી રૂપે પાણીનો જગ સંસ્થામાં આપવામાં આવ્યો હતો.



### ધાનેરામાં પૂર બાદ નદીને ઉંડી કરવાની વાત યાદ આવી

ધાનેરામાં ૨૪-૭-૨૦૧૭નાં રોજ આવેલ પૂર બાદ મુખ્યમંત્રીએ નદીને પાળ બનાવી બાંધવાની જાહેરાત કરેલ જેને ૧ વર્ષ થવાં આવેલ છે અને હવે ચોમાસું બેસવા આવતાં આ વાત યાદ આવી અને કામગીરી શરૂ કરવામાં આવેલ છે પરંતુ તે સમયે તાકિદે કામગીરી ચાલુ કરી હોત તો આજ દિન સુધી અડધું કામ પતી ગયું હોત. હવે ચોમાસું બેસવાની તૈયારી છે ત્યારે આ કામ અધુરૂ રહેવાનું છે અને પાસ થયેલ રૂપિયા પાણીમાં વહી જવાનાં છે. તો સરકારની ઠીલી નીતીથી દેશને નુકસાન થાય છે વળી બાવળો મોટા પ્રમાણમાં ઉગેલ હોવાથી તેને પણ કાપવામાં આવેલ નથી અને પાણીનો અવરોધ ઉભો કરી રહ્યા છે જે તાકિદે બાવળો કપાવવાં જરૂરી છે. હવે હાથમાં લીધેલ કામ કેટલું પોકળ સાબિત થાય સમય આવે ખબર પડશે.

## અરવલ્લી જિલ્લામાં ભાજપ દ્વારા

# બીજી જૂનથી ૧૧મી જૂન સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન

### સ્વચ્છતા અભિયાન, પ્રબુદ્ધ નાગરિક સંમેલન, સમરસતા સંપર્ક, અનુ.જાતિ ગ્રામસભાઓ, બુથો ઉપર જનસંપર્કના કાર્યક્રમો થશે




મોડાસા, તા.૩૦

આજ રોજ મોડાસામાં જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે શહેર અને તાલુકાઓનાં સંગઠનના હોદ્દેદારોની એક બેઠક આગામી ૧૨ મી જૂન સુધીના વિવિધ ભરપૂર કાર્યક્રમો યોજવા એના અસરકારક આયોજન અને માર્ગદર્શન માટે પ્રમુખ રણવીરસિંહ ડાભીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

પ્રમુખ રણવીરસિંહ ડાભી અને જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, પ્રદેશ કારોબારી સભ્ય કનુભાઈ પટેલ, જળસંચય અભિયાન ઈન્ચાર્જ અને મીડિયા સેલ કન્વીનર પ્રભુદાસભાઈ પટેલ, આગામી કાર્યક્રમ સંયોજક અમૃતભાઈ મકવાણા, જિલ્લા ઉપપ્રમુખો અતુલભાઈ બ્રહ્મભટ્ટ, જયેશભાઈ પટેલ, તાલુકા પ્રમુખ હસમુખભાઈ, મહામંત્રી અંકિતભાઈ પટેલ, જયેશભાઈ રબારી ઉપરાંત અનુસૂચિત મોરચા પ્રમુખ દિનેશભાઈ પરમાર, યુવા મોરચા પ્રમુખ પ્રશાંત પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત કેન્દ્ર સરકારના ૪ વર્ષ પૂર્ણ થતાં આવનાર આગામી દિવસોમાં પ્રદેશ આયોજીત પ્રબુધ્ધ નાગરીક સંમેલન, સ્વચ્છતા અભિયાન, સમરસતા સંપર્ક, અનુ.જા.ગ્રામ સભા, બુથ સંપર્ક અભિયાન જેવા કાર્યક્રમો અંગે જવાબદારી ફીક્સ કરી અને તે અંગે સુચના આપવામાં આવી હતી. આ બેઠકમાં અરવલ્લી જિલ્લા ભાજપાના તમામ મંડળના હોદ્દેદારો તમામ મોરચા પ્રમખ મહામંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડા તાલુકામાં બેંક હડતાલના પ્રથમ દિવસે કરોડો રૂપિયાના વ્યવહારો અટવાયા




ભિલોડા, તા.૩૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓની હડતાલના પ્રથમ દિવસે કરોડો રૂપિયાના વ્યવહારો અટવાયા હતા. ગ્રામ્ય વિસ્તારના બેંકોના ગ્રાહકો અને પ્રજાજનોને બેંકના કર્મચારીઓની હડતાલથી અજાણ હોવાના કારણે બેંકોમાં ધક્કા ખાવાનો વારો આવ્યો હતો. ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

વેજ રીવીઝન સહિતની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારી યુનિયન ધ્વારા બે દિવસીય રાષ્ટ્રવ્યાપી હડતાલનું એલાન આપ્યું હતું. ભિલોડા તાલુકાની રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ હડતાલમાં જોડાતાં કરોડો રૂપિયાના વ્યવહારો અટવાય પડ્યા હતા. રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓની બે દિવસીય હડતાલના પ્રથમ દિવસે કરોડો રૂપિયાનું બેંકોમાં કલીયરીંગ અટવાય પડ્યું હતું. રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓની પડતર વિવિધ માંગણીઓ ન સંતોષાતાં કર્મચારીઓએ હડતાલનું શસ્ત્ર ઉગામવું પડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ બે દિવસીય હડતાલ ઉપર ઉતરતાં લાખ્ખો કરોડો રૂપિયાના નાણાંકીય વ્યવહારો થંભી જતાં ગ્રાહકો ભારે મુઝવણમાં મુકાયા હતા.

# મેઘરજના ભૂતિયા નજીકથી વનવિભાગે ગેરકયદેસર લાકડા ભરેલ ટ્રક ઝડપી



મેઘરજ, તા. ૩૧

અરવલ્લી જીલ્લામાં વૃક્ષોનું ગેરકાયદેસર રીતે નિકંદન કાઢી જિલ્લાની અને જિલ્લા બહારની સો મિલમાં વેચી લાખ્ખો રૂપિયાનો કાળો કારોબજાર ચલાવી પર્યાવરણને ભારે નુકસાન કરવામાં આવી રહ્યું છે. સમગ્ર ઘટનાક્રમમાં વનવિભાગના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગત પણ હોવાનું વનવિભાગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું ત્યારે અહો આશ્ચર્યમ સર્જાય તેવી વનવિભાગની કામગીરી જોવા મળતા પર્યાવરણ પ્રેમીઓમાં આનંદ છવાયો હતો.

મેઘરજ વનવિભાગ તંત્ર દ્વારા મેઘરજની ભૂતિયા ચોકડી નજીકથી પેટ્રોલિંગ દરમિયાન લાકડા ભરેલી ટ્રક પસાર થતા અટકાવી લાકડાની હેરાફેરી કાયદેસર ન હોવાનું અને પરમીટ વગર વહન થતું હોવાનું બહાર આવતા વન સંરક્ષણ ધારાની કલમ ૪૧(બી) મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજના કરોલ ખાતે જુગાર રમતા ત્રણ શકુનીઓ પકડાયા

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના કરોલ ખાતે તીનપત્તીનો જુગાર રમતા પાંચ શકુનીઓમાથી ત્રણ શકુનીઓ પોલીસે પકડી પાડ્યા. બે પોલીસને જોતા ભાંગી ગયાં. પોલીસે ૭૭,૩૭૦નો મુદામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલીસ રાત્રીનાં સમયે નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજ પોલીસ પીઆઈ વી.આર. ચાવડા, પીએસઆઈ એમ.બી. ગજ્જર, એએસઆઈ કાનજીભાઈ, પોલીસ હેડ કોન્સ્ટેબલ માનસિંહ તથા પો. કોન્સ્ટેબલ દિપકસિંહ તથા પો. કોન્સ્ટેબલ વિક્રમસિંહ તથા પો. કોન્સ્ટેબલ કિરીટસિંહ સહિત પ્રાંતિજ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળતાં તેવોએ કરોલ ગામની સીમમાં આવેલ બોખમા ખુલ્લી જગ્યામાં આ કામના પાંચ આરોપીઓ જાહેરમાં પૈસા પાનાનો હારજીતનો જુગાર રમતાં રોકડ રકમ રૂ. ૨૧,૩૭૦ તથા મોબાઈલ નંગ-૨ જેની કુલ કિંમત રૂ. ૧૦૦૦ તથા ગંજીફા પાના નંગ-૧૦૪ તથા મીણીયુ તથા બે બાઈક જેની કુલ કિંમત રૂ. ૫૫,૦૦૦ મળી કુલ



રૂપિયા-૭૭,૩૭૦ના મુદ્દામાલ સાથે આરોપી હઠીસિંહ નેનસિંહ રાઠોડ, રંગુસિંહ દિપસિંહ રાઠોડ બન્ને રહે. માતાવાળો વાસ સદાના મુવાડા, પ્રાંતિજ, જગતસિંહ પુથ્વીસિંહ મકવાણા રહે. ગુજરાતી શાળાની બાજુમાં કરોલ, તા. પ્રાંતિજ તથા પોલીસને આવતા જોઈને ભાંગી ગયેલ, મહોબત્તસિંહ ઉર્ફે પીન્ટુ રમતુસિંહ મકવાણા રહે. કરોલ, પ્રાંતિજ, વિષ્ણુસિંહ કીશોરસિંહ ઝાલા રહે. પુનાદરા તા. પ્રાંતિજ વિરૂધ્ધ ગુનો નોધી ત્રણની અટકાયત કરી અને નાસી ગયેલ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસામાં અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મોંઘવારી સામે ઊંટલારી પર બાઈક ચઢાવી રેલી યોજી

મોડાસા, તા. ૩૧

દિવસેને દિવસે ડીઝલ-પેટ્રોલના ભાવમાં ભડકો જોવા મળતા અને અસહ્ય મોંઘવારીથી દેશની પ્રજાની હાલત કફોડી બનતા પ્રજાજનોની મુશ્કેલીને વાચા આપવા અરવલ્લી જીલ્લ્લા કોંગ્રસ સમિતિ દ્વારા જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરી ઉંટલારી પર બાઈક ચઢાવી રેલી યોજી સૂત્રોચ્ચાર કરી મોદી સરકારની નિષ્ફળતા સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.



મોડાસા શહેરમાં ગુરુવારે સવારે ૯ વાગ્યાના સુમારે મોડાસા માર્કેટયાર્ડથી ચાર રસ્તા સુધી મોંઘવારીને નાથવા રેલી યોજી હતી. રેલીમાં ધારાસભ્યો જીલ્લા કોંગ્રેસના હોદેદારો, શહેરના હોદેદારો, મહિલા મોરચા સહીત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી પેટ્રોલ-ડીઝલના કમ્મરતોડ ભાવ વધારા સામે ઉગ્ર વિરોધ નોંધાવી ઉંટલારી પર બાઈક ફેરવી અનોખો વિરોધ નોંધાવ્યો હતો.